એ ખરૂં છે કે ઘણી સફળ વ્યક્તિઓએ કોઈ એક આદર્શ વ્યક્તિને અનુસરીને એનું જીવન ઘડતર કર્યું હશે, પણ મારૂં ચોક્કસપણે માનવું છે કે દરેક વ્યક્તિના જીવનમાં સમય અને સમજણ બદલાતા તબક્કાના આદર્શો કે આદર્શો બદલાતા રહે છે. બાળપણમાં માતા-પિતા કે શિક્ષક, યુવાનીમાં ફિલ્મસ્ટાર, રમતવીર, રાજકીય નેતા, ઈન્ડસ્ટ્રીઆલીસ્ટ, વૃદ્ધાવસ્થામાં ધર્મગુરૂ, સંતપુરૂષ, ઈશ્વરનો કોઈ અવતાર! ખેર, આ કોઈ નિયમ નથી, આના પર ઘણી બધી ચર્ચા થઈ શકે છે, જે મારે કરવી નથી.

મારો સૌથી પહેલો આદર્શ માતા પિતા. બાળપણમાં મને લાગતું કે મારા પિતા જેવી બીજી કોઈ મહાન વ્યક્તિ નથી. ગરીબી ઈશ્વરની લાડકી દીકરી છે અને ઈશ્વર એને સારૂં ઘર જોઈને જ વળાવે છે એવો સૌથી પહેલો અહેસાસ એમણે જ મને કરાવેલો. પૈસા વગર એમણે કુટુંબમાં, જ્ઞાતિમાં, સમાજમાં જે નામના મેળવી કે મેળવતા, એનાથી હું મનોમન ગર્વ અનુભવતો. આ પવલો, આપણા રતિભાઈનો પ્રિન્સ, એવી ઓળખાણ આપે મને જે મનપાન મળતા એનાથી રાજીરેડ થઈ જતો. કુટુંબ, જ્ઞાતિ, મિત્રમંડળ, આડોશી-પાડોશી જે રીતે એમની આમન્યા રાખતા, માનપાન આપતા, એમનાથી ડરતા, એમનો પડ્યો બોલ ઝીલતા એનાથી મારી છાતી ગજ ગજ ફૂલતી. લાગતું કે ભાઈ જેવું કોઈ નહીં. હું મારા પિતાને ભાઈ કહેતો. એ માત્ર ચોથા ધોરણ સુધી ભણ્યા હતા. બહુ જ નાની વયે મુંબઈ કમાવા આવ્યા હતા. મુંબઈમાં ઠરીને ઠામ થયા પછી અમારા ગામના અનેક સગા-સંબંધીઓના દીકરાઓને મુંબઈમાં અમારે ત્યાં બોલાવી, કામધંધે લગાડ્યા'તા. એટલું જ નહીં, કુટુંબની ૧૪ વ્યક્તિઓના માંડવા અમારા ઘરને આંગણે નંખાણા હતા. જ્ઞાતિમાં કોઈપણ વેવીશાળ, લગ્ન કરવા હોય તો રતિભાઈની સલાહ વગર થતા નહીં. માત્ર ૪૪ વર્ષની વયે જ્યારે એમનું અવસાન થયું, ત્યારે ૩૦૦ રૂપિયાની પગારદાર વ્યક્તિને બારણે ૪૦૦ ઉપરાંત માણસોની હાજરી એ સમયમાં અમારી જ્ઞાતિમાં ઇતિહાસ બન્યો.

પિતા જેટલું જ આકર્ષણ અને માન મને જો બાળપણમાં કોઈ બીજી વ્યક્તિ માટે થયું તો એ અમારી સ્કૂલના પ્રિન્સીપાલ ડૉ. મનુભાઈ વૈદ્ય હતા. એમની લાંબીલચક ડિગ્રી, પ્રભાવશાળી વ્યક્તિત્વ, શિસ્ત માટેનો અડગ આગ્રહ અને ૬ ફૂટથી વધારેની ઉંચાઈ મને

ખૂબ જ સ્પર્શી જતા. મોટા થઈને મનુભાઈ જેવા પ્રિન્સીપાલ બનવાની ઈચ્છા મનમાં જાગતી. મારી શાળા, વાડીલાલ ચત્રભૂજ ગુરૂકુળ હાઈસ્કૂલમાં એ સમયે ભરપૂર વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ચાલતી. હું દરેક પ્રવૃત્તિમાં ભાગ લેતો. કવિતા (એટલે કે જોડકણાં) લખવાનો શોખ. એ શોખને લીધે શાળાના શિક્ષક મનસુખલાલ ઉપાધ્યાય એટલે કે પ્રવીણ ઉપાધ્યાયના સંપર્કમાં આવ્યો. એ પોતે કવિ, કલાકાર, દિગ્દર્શક અને નાટ્યકાર હતા. ૮મા ધોરણમાં મેં એમણે લખેલા એકાંકી – આવ્યો વણજારો – નાટકમાં કામ કર્યું. મારો અભિનય વખણાયો. હું ઉપાધ્યાય સાહેબનો માનીતો સ્ટુડન્ટ બની ગયો. ૧૫મી ઓગસ્ટ નિમિત્તે શાળામાં આઝાદી વિષય પર કવિતા લખવાની સ્પર્ધા થઈ. મેં આઝાદીના ગામ નામની કવિતા લખી. સાહેબે થોડી મઠારી. પછી જન્મભૂમિ પ્રવાસી બાળસ્પર્ધા વિભાગમાં છાપવા મોકલી – છપાણી. મારું સૌથી પહેલું છપાયેલું એ સર્જન. ૯મા ધોરણમાં એક એકાંકી જલતું જિગર લખ્યું. ઉપાધ્યાય સાહેબે મારી શાળામાં એ ભજવવાની પરવાનગી આપી. ભજવાયું – વખણાયું. બસ.. નાટક લખવાનો કેફ ચડ્યો, કહો કે ઉપાધ્યાય સાહેબે પડાવ્યો. ૧૦મા ધોરણમાં વ્હાલે દીધાં વિષ લખ્યું. શાળામાં ભજવાયું.. ને હું હીરો બની ગયો. લેખક તરીકે પ્રસ્થાપિત થઈ ગયો. (એ જ વર્ષમાં વ્હાલે દીધા વિષ – ના ૧૭ પ્રયોગો થયા અને અત્યાર સુધીમાં હજારેક પ્રયોગો થઈ ચૂક્યા છે.) આમ શાળાજીવનથી માંડીને કોલેજની શરૂઆત સુધીમાં પ્રવીણ ઉપાધ્યાય આંખ સામે રહ્યા. પરંતુ આ દરમિયાન જ બીજી બે વ્યક્તિઓએ મારા જીવનની સામાજિક અને રાજકીય કારકિર્દી ઘડવામાં ખૂબ અગત્યનો ભાગ ભજવ્યો હતો.

બંને રાજકીય અને સામાજિક ક્ષેત્રે નામાંકિત હતા. બંને એમ.એલ.એ. બંનેનો રાજકીય અને સામાજિક ક્ષેત્રે ઊંડો પ્રભાવ, ઈશાન મુંબઈની કોઈ પણ સમસ્યા કે ચૂંટણી આ બંનેની સહાય વગર પાર ન પડતી. આ બંને વ્યક્તિ જે બંગલામાં રહે ત્યાં હું રહેતો. બંનેનો હું માનીતો. મારા પર ચાર હાથ! બંને જૂની કોંગ્રેસના નેતાઓ, એમને કારણે જ મને એ સમયના દિગ્ગજ નેતાઓના વ્યક્તિગત સંપર્કમાં આવવાનો લાભ મળ્યો. મોરારજીભાઈ દેસાઈ, એસ. કે. પાટીલ, ઈન્દ્રવદન સોગ્ન, કે. કે. શાહના નેતૃત્ત્વ હેઠળ કોંગ્રેસની યુવા પાંખનો સભ્ય બન્યો. એટલું જ નહીં, ઘાટકોપરની પ્રમુખ વ્યક્તિઓના, સંસ્થાઓના સીધા સંપર્કમાં આવ્યો. ઘાટકોપરની દરેક સાંસ્કૃતિક, રાજકીય અને ધાર્મિક પ્રવૃત્તિમાં ભાગ લેવાનો મોકો મળ્યો. આ બધાના કારણે ઘાટકોપરમાં મને ખૂબ નામના મળી અને એ નામનાએ કારણે જ મારી ભવિષ્યની પ્રવૃત્તિઓનો વિસ્તાર કરવાનું મારે માટે સરળ રહ્યું. કોણ હતી આ બે વ્યક્તિ? એક વાડીલાલ ચત્રભૂજ ગાંધી અને બીજી રતિલાલ બેચરદાસ મહેતા. બંને એક જ નેતા પરંતુ બંનેનું વ્યક્તિત્વ સાવ ભિન્ન, બંનેની કાર્યશૈલી નોખી, બંનેની વિચારધારા અલગ અલગ. વાડીભાઈ સફળ બિઝનેસ, જુદા જુદા આઠ–દસ વ્યવસાયિક એકમો ધરાવે. ઘાટકોપરના એક નંબરના લક્ષ્મીનંદન, દાનવીર, કર્મવીર, એમને નામે શાળા, હોસ્પિટલ, આશ્રમો. પરંતુ આ બધામાં સૌથી જુદો તરી આવતો ગુણ એટલે એમની હિંમત, જવામર્દી! ઘાટકોપરના એ સિંહ ગણાતા. જ્યારે બીજી વ્યક્તિ રતિભાઈ શુદ્ધ ગાંધીવાદી, એમ.એલ.એ. હોવા છતાં પ્રાઈવેટ કંપનીમાં ૪૦૦ રૂા. ના પગારે નોકરી કરે. સાદગીભર્યું જીવન, મૃદુભાષી, કોઈપણ વ્યક્તિ અડધી રાતે પણ એમનો દરવાજો ખખડાવી શકે. (આજે ઘાટકોપરમાં એમની સ્મૃતિમાં આર. બી. મહેતા માર્ગ છે.)

હવે મારી વ્યાવસાયિક નાટ્યપ્રવૃત્તિની વાત. બે વ્યક્તિ મારો આદર્શ રહી – પ્રબોધ જોષી અને કાંતિ મડિયા. સ્કૂલ ટાઈમમાં જ્યારે નાટક લખવા–ભજવવાની શરૂઆત કરી ત્યારથી પ્રબોધભાઈ વિશે ખૂબ સાંભળેલું. ઈરાની હોટેલમાં બેઠા બેઠા લખવાની વાત, પાત્રો પ્રમાણે ગૂંથણી કરવાની વાત, નાની–નાની ચબરખીઓ પર લખવાની વાત, એક સાથે બે–ત્રણ નાટકો લખવાની વાત. આ બધી વાતો સાંભળીને મનમાં સંકલ્પ કરતો કે હું એક પ્રબોધ જોષી બનીને રહીશ, અને એ દિવસ બહુ જલદીથી આવી ગયો. ભારતીય વિદ્યાભવનની એકાંકી સ્પર્ધામાં વી. જે. ડી. આઈ. એ. મારું નાટક ચંપા તુજ મેં તીન ગુન ભજવ્યું અને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો. ઈન્ટરવલમાં ચા પીતા પીતા કાંતિભાઈએ પ્રબોધ જોષીને પૂછ્યું, પ્રબોધભાઈ પ્રવીણની સ્ક્રીપ્ટ પર તમારો હાથ દેખાય છે, પુરસ્કાર આપ્યો કે બધું મફતમાં જ?

ના મડિયા, સોલંકી આ માટે કદી મારી પાસે આવ્યા જ નથી. એમણે જ આ નાટક લખ્યું છે.

ખરેખર ? સાલામાં સ્પાર્ક છે!

એનું વ્હાલે દિધાં વિષ – જોયું ત્યારે જ મેં એમને કહ્યું હતું કે તમે નાટક લખવાનું ચાલુ જ રાખજો. (પ્રબોધભાઈ બધાને માનવાચક સંબોધન જ કરતાં) તમે બહું સારૂ લખો છો, નાટકની સૂઝ છે તમારામાં.

પ્રવીણ, તારે માટે આ કોમ્પ્લીમેન્ટ્સ છે. મડિયાએ કહ્યું.

મેં કહ્યું, મડિયા સાહેબ, હું પ્રબોધભાઈનો એકલવ્ય છું.

પ્રબોધભાઈ, આજથી હું તમારા એકલવ્યને ઉપાડી જાઉં છું. એને હાથે જ તમારો પરાજય કરાવીશ. અને બે વર્ષ પછી જ્યારે દીવાલ વગરનું ઘર – મારો નાટ્ય સંગ્રહ પ્રકાશિત થયો ત્યારે પ્રબોધભાઈએ પ્રસ્તાવનામાં લખ્યું – એક વખત ગુજરાતમાં સોલંકીયુગ ચાલતો હતો. આજે એકાંકી ક્ષેત્રે સોલંકીયુગ ચાલી રહ્યો છે. બિરલાની કેન્ટીનમાં આ લખાણ પ્રબોધભાઈએ કાતિભાઈને વંચાવતા કહ્યું

– હું મારો પરાજય સહર્ષ સ્વીકારું છું.

મારા માટે આ ધન્ય ઘડી હતી.

એ પછી કાંતિભાઈ સાથે મારો ગાઢ નાતો શરૂ થયો. એમના દિગ્દર્શન હેઠળ મેં ૨૬ નાટકો લખ્યા. એકથી એક ચઢિયાતા – સંતાનો સહુ ગાંધારીના, બોલ રાધા બોલ, બાણશૈયા, કોઈ ભીંતેથી આયના ઉતારો, હવે પાંપણોમાં અદાલત ભરાશે, મૃગજળ સીંચીને અમે ઉછેરી વેલ, કમાંડો, ચહેરા મ્હોરા, મહામાનવ, અઢી અક્ષર પ્રેમના, સ્નેહબંધન, ઉજળા પડછાયા, હત્યા, ષડ્યંત્ર વગેરે બધાના વિષય અલગ, લખાણની શૈલી અલગ, બધા હીટ નાટકો!!! પણ કાંતિભાઈની નજરમાં હું મુઠ્ઠી ઉંચેરો ત્યારે બન્યો જ્યારે મેં પડકાર સમા ત્રણ નાટકો લખ્યા : (૧) આલાખચર (૨) ધારો કે એક સાંજ આપણે મળ્યા (૩) ગુજરાતની અસ્મિતા. આ નાટકો પછી એમણે મારૂં નામ મુનશી રાખ્યું. એટલું જ નહીં, જાહેરમાં કહ્યું કે જ્યાં સુધી નાટ્યસંપદા માટે પ્રવીણ નાટક લખશે ત્યાં સુધી હું નાટક નહીં લખું!!! મારે માટે આ ગૌરવની વાત હતી.

કાંતિભાઈએ મને નાટકની, નાટકની દુનિયાની, ટેકનીકની ઘણી આંટીઘૂંટીઓ સમજાવી. એમને લીધે હું અનેક સાહિત્યકારો, વિવેચકો, પત્રકારો, નામાંકિત વ્યક્તિઓના સીધા પરિચયમાં આવ્યો. મેં અનેક સ્થળે કબૂલ કર્યું કે કાંતિભાઈએ મને નામ અપાવ્યું. બાકીના દિગ્દર્શકોએ મને નાણાં અપાવ્યા. (આજ સુધીમાં મેં જુદા જુદા ૫૮ દિગ્દર્શકો સાથે કામ કર્યું છે.) કાંતિભાઈ અને મારા સંબંધો વિશે એક આખું પુસ્તક લખી શકાય. અમારી વચ્ચે મતભેદ પણ હતા. ઉગ્ર દલીલબાજીઓ પણ થતી. પરંતુ ક્યારેય મનભેદ થયો નથી.

ખેર, આમ મારા જીવનના વિકાસમાં ઉપર મુજબ મુખ્યત્વે પાંચ વ્યક્તિઓએ ભાગ ભજવ્યો છે. જેનો અત્રે હું ઋણસ્વીકાર કરૂં છું. એ લોકો મારા માર્ગદર્શક હતા, હિતચિંતક હતા – એ સાચું પણ દિશા તો હું જ નક્કી કરતો. ક્યાં પહોંચવું અને ક્યાં અટકવું એની આત્મસૂઝ મેં કેળવેલી. જેના સુખદ પરિણામ આજે હું ભોગવી રહ્યો છું. બાકી તો કોઈએ સાચું જ કહ્યું છે કે,

રાખ ભરોસો ખુદ પર, શાને શોધે છે ફરિસ્તાઓ,

સમંદરના પંખીઓ પાસે ક્યાં છે નકશાઓ?

તો ય શોધી લે છે રસ્તાઓ. - અસ્તુ.

જે પોતાના માટે જ જીવે છે,
એ ક્યારેય જવાબદારી માથે નથી લેતાં.
અને જે જવાબદારીથી માથે લે છે,
એ કદી પોતાના માટે નથી જીવતાં...

◆◆◆◆◆◆◆◆◆◆◆◆◆◆◆◆◆◆◆◆

કોઈ વ્યક્તિને હરાવીને નીચું પાડવું એ સફળતા નથી.
પણ જો કોઈ વ્યક્તિને સમ્માન આપીને જીતી લેવી, એ જ સાચી સફળતા છે.

◆◆◆◆◆◆◆◆◆◆◆◆◆◆◆◆◆◆◆◆

ચિંતા અને તણાવમાં માણસ ત્યારે જ રહેતો હોય છે,
જ્યારે તે પોતાના માટે થોડું અને બીજાના માટે વધારે જીવતો હોય.

જીંદગીની સહેલગાહ...

- ગીરીશ એલ. ગાંધી "જય ગીરી"



અવની ઉપર અવતરણ થતાં ઉછળી આનંદની છોળો પરિવારમાં
બાળપણ વિત્યું બાહોના બહેકાવની સાથ
ઉંમર થતા પ્રવેશ લીધો શિક્ષણના દરવાજે
મનવાંછિત ડીગ્રી મેળવી ઉભો રહી ગયા જગતમાં
વ્યવસાય અને નોકરીના ક્ષેત્ર ખુલી ગયા જીવનમાં
સમય સાથે તાલ મિલાવી પ્રવેશ કર્યો સાંસારિક જીવનમાં
સંસારની સરિતા વહેતી રહી પ્રેમના પરીસરમાં
સમય જતાં અવતરણ થયું બોલગોપાલનું પરિવારમાં
આપી શિક્ષણ અને સંસ્કાર ઠરીઠામ કર્યા જગતમાં
જોઈ સંતાનોની સુખ, શાંતિ અને સમૃદ્ધિ અને રહેણી–કહેણી
નયન સજળ બની જાય ત્યારે સંતોષ સાથે મન હરખાય છે
આમ જીવન સફર કાપી કંઈક ચડાવ ઉતાર સાથે
દુ:ખ દરદને ભૂલી ઘડભર સ્નેહના સરોવરમાં તરતા રહ્યા
કર્મ, ધર્મના અને સહનશીલતાના સહારે જીવનપથ કાપતા રહ્યા
આવી પહોંચ્યા જીવનના આખરી પડાવે
જીવી લઈએ બાંધછોડની નિતી સાથે
સૌના આપણે થયા, સૌ આપણા થયા એ જ જીવનની ફલશ્રુતિ છે
સુખ–દુ:ખ કે ચડતી પડતીને કદી નથી લીધા મન ઉપર
હસતા વદને પચાવી છે તેને જેથી સુખ શાંતિ પામ્યા જીવનમાં
પ્રાર્થના કરીએ અંતરથી કર જોડી પ્રભુ તુજને
નથી જોઈતું દુર્ઘાયુષ્ય, પરંતુ તંદુરસ્તી આપજે જીવનમાં
આશિષ તારા પામતા રહીએ હમજીવન સફરમાં.

જીવનમાં ક્યારેય મૂલ્યાંકન ન કરવું

- ગીરીશ એલ. ગાંધી "જય ગીરી"

- માતાની મમતાનું
- ભાઈના ભ્રાતૃત્વનું
- પતિના પ્રેમનું
- મિત્રની મિત્રતાનું
- ગરીબીની ગરીબાઈનું
- સંજોગોમાં સહાયનું
- ભજનમાં ભક્તિનું
- વૃત્તિના વિચારનું
- દર્દીની દવાનું
- મળેલી મદદનું
- વહાલના વહેણનું
- તાકાતના તીરનું
- મોતના માતમનું
- પિતાના પિતૃત્વનું
- બહેનની પ્રિતનું
- પત્નીની પરખનું
- પ્રગતિના પથનું
- તવંગરની તકદીરનું
- ભોજનના ભાણાનું
- કદરદાનની કદરનું
- દયાળુના દાનનું
- દર્દીના દર્દનું
- ધનવાનના ધનનું
- ગુજારેલા ગુસ્સાનું
- ફંડના ફાળાનું
- ધરમના ધ્યાનનું
- સંતોષની સમજનું
- જુસ્સાના જોરનું
- અણગમાના અણસારનું
- ગીતના ગુંજનનું
- ગુરૂજીના જ્ઞાનનું
- લાલચની લાયનું
- સુખની સગવડનું
- લોભીના લોભનું
- કરકસરના કારણનું
- હૈયાના હેતનું
- દેવાદારના દેવાનું
- મોસાળની મમતાનું
- શિક્ષકના શિક્ષણનું
- લખેલા લેખનું
- વિરહની વેદનાનું
- મુસાફરીના મારગનું
- વેપારીના વેપારનું
- મોભાના માનનું

જો મુલ્યાંકન જાણવાની જિજ્ઞાસા થાય તો
પોતાની જાતનું અંતરથી મુલ્યાંકન કરવું તો
આપોઆપ ઉપરોક્ત બાબતનું મુલ્યાંકન સમજાઈ જશે.

જીવનનું ઝારણ...

- ગીરીશ એલ. ગાંધી "જય ગીરી"

- પિતાની પૂંજીના વારસાઈ હકદાર થકી મા-બાપનું ભરણપોષણ અને સેવાચાકરી થાય તે પારિવારીક ફરજ છે. પરંતુ પુંજી વગરના મા-બાપની નિ:સ્વાર્થ ભાવે ભરણપોષણ અને સેવાચાકરી થાય એ મળેલા સંસ્કાર શિક્ષણની ફલશ્રુતિ છે.
- કહેવત છે કે દિકરી તો પારકી થાપણ કહેવાય – પરંતુ તે થાપણ જે પરિવારમાં જમા થાય ત્યાં તેનું દિલથી લાગણીસભર સમજદારીપૂર્વક જતન કરવાથી તે થાપણના વ્યાજનો વૈભવ માણી શકાય છે.
- મોતના માગા આવવાની શરૂઆત થતા જ જીવનમાં કરેલા કર્મોનો કરિયાવર પથરાવા લાગે છે.
- સારૂં સૌને ગમે છે, પરંતુ સારુ કરનાર કોઈને ગમતો નથી.
- આપણા એ આપણા જ છે. પરંતુ અહમ અડચણ ઉભી કરે છે. માટે અહમને ઓગાળીને ચાહના કેળવો. એ આપણા જ રહેવાના.
- વાણી અને વર્તનનો મુઢ માર વાગે છે ત્યારે નથી ચડતા સોજા કે નથી નીકળતું લોહી, પરંતુ વેદના જરૂર આપે છે.
- મિત્રતા માણવાની હોય. સગા સાચવવાના હોય અને સ્નેહીઓને સંભાળવાના હોય.. એનું નામ જ જિંદગી.
- કોઈની પ્રગતિ ન જોઈ શકનાર માનવી જીવનમાં ક્યારેય પ્રગતિ કરી શકતો નથી.
- ઈર્ષાની આગમાં શેકાતો માનવી જીવનમાં ક્યારેય પ્રગતિ કરી શકતો નથી.
- નફરત અને નારાજગી માનવીના જીવનને જડ બનાવી દે છે. જેથી તેના જીવનમાં વહેતો પ્રેમ, લાગણી અને ભાવનાનો પ્રવાહ સૂકાવા લાગે છે. ત્યારે તેને જીવનમાં એકલતાનો અહેસાસ થાય છે.
- પોતાની ખોટી વાતને સાચી સાબિત કરવા દલીલોનો મારો ચલાવી, મગજમાં ઠસાવી સાચી સાબિત કરવા પ્રયત્ન કરે છે તે તેની કુશળતા નથી, પરંતુ સામેની વ્યક્તિની સમજશક્તિ અને સહનશક્તિનું પરિણામ છે. જ્યારે સત્ય બહાર આવે છે ત્યારે તે વ્યક્તિ તેનો વિશ્વાસ ગુમાવી બેસે છે.
- જેમ જેમ આર્થિક પ્રગતિ થતી જાય તેમ તેમ કરકસર કરમાતી જાય. સાથે સાથે અહમનો ઉદય થતો જાય છે.
- કારણથી કરેલ કર્મ સ્વાર્થ કહેવાય. જાણીને કરેલ કર્મ જશ કહેવાય. પરંતુ સંસ્કારથી કરેલ કર્મ ફળ કહેવાય.
- રામનું નામ સુખાકારી છે, પરંતુ દામ સાથેનું કામ અહંકારી છે.
- મજબૂરીનો માર સહન કરતો માનવી લાગણી અને પ્રેમ ખોઈ બેસે છે.

આત્મ કલ્યાણનો રાહ



- શ્રી નિરંજનભાઈ દામાણી (જેતપુર)

સામાન્ય રીતે માનવજીવન વિવિધ તબક્કામાંથી પસાર થાય છે. બચપણમાં તો શિક્ષણ સાથે મોજ-મસ્તી, તોફાન અને મિત્રો સાથે સમય પસાર થતો હોય છે. સેકન્ડરી એજ્યુકેશન લેવા સાથે ગંભીર થતો વિદ્યાર્થી કોલેજકાળ સુધીમાં તો પરિપક્વ થઈ જાય છે. વિદ્યાર્થીજીવનનો નિર્દોષ આનંદ ઉઠાવવાની સાથે ભવિષ્યની કેરીયર બનાવવાની જવાબદારી આવી પડે છે. ત્યારબાદ વ્યવસાય કે નોકરીનો તબક્કો શરૂ થાય. ત્યારબાદ લગ્નસંસારની શરૂઆત વિ.વિ. બધુ એટલુ ઝડપથી થવા માંડે કે સમય ક્યાં પસાર થયો તેનો ખ્યાલ રહેતો નથી. આપણા સમગ્ર જીવનનું પણ આવું જ છે કે કેટલી ઝડપથી દિવસો ચાલ્યા જાય છે તેનો ખ્યાલ રહેતો નથી. સંસારની ખાટી-મીઠી ભોગવ્યા પછી છેલ્લો તબક્કો સિનીયર સિટીઝન થયા પછી આવે છે. જો માણસ ઈશ્વર કૃપાથી આ સ્ટેજ પર પહોંચે તો સમજજો કે હવે વિચારવાનો સમય આવી ચૂક્યો છે. જીવનનો હિસાબ કરજો. શું મેળવ્યું? શું ગુમાવ્યું? અને હવે અત્યાર સુધીનું ભૂલીને નવેસરથી શું કરવાનું છે? કારણ કે, આ યોગ્ય સમય છે – પ્રભાતિયાની પેલી પંક્તિઓ યાદ કરવાનો કે "એક દિન જાવું હરિના ધામમાં, નહીં આવે તાર કે ટપાલમાં..."

મતલબ કે હવે મૃત્યુ ગમે ત્યારે આવી શકે છે. માટે આત્માનું કલ્યાણ કરી લો. હવે મોડું થશે તો પરમ તેમજ દિવ્યને સમજવાની, મેળવવાની ગાડી ચૂકાઈ જશે અને ફરી ફેરો રહેશે. કારણ કે ગીતાજીમાં જે તત્ત્વની સમજ છે એ મુજબ દ્રશ્ય માત્ર સંપૂર્ણ જગત માયાનું કાર્ય હોવાથી ક્ષણભંગુર, નાશવાન, જડ તથા અનિત્ય છે તથા જીવાત્મા એટલે કે દરેક મનુષ્યનો આત્મા નિત્ય ચેતન નિર્વીકાર અને શુદ્ધ બોધ સ્વરૂપ સચ્ચિદાનંદ પરમાત્માનો જ અંશ છે. આ પ્રકારે સમજીને સંપૂર્ણ માયાસભર પદાર્થોના સંગનો સર્વથા ત્યાગ કરીને પરમ પુરૂષ પરમાત્મામાં જ એક જ ભાવથી નિત્ય સ્થિત રહેવું એ પ્રભુને જાણવા બરાબર છે. જો આવું થઈ શકે તો સમજો બેડો પાર, આત્માનું કલ્યાણ થઈ જાય અને પછી કશું જ મેળવવાનું બાકી રહેતું નથી. સામાન્ય અનુભવ એવો છે કે ભૌતિક સુખ સગવડોનો અતિરેક ક્યારેય સંપૂર્ણ સંતોષ આપતો નથી. ઈચ્છાઓનો અંત નથી અને એટલે જ કહેલું છે કે સંસાર અસાર છે. આ કથનની સાર્થક્તા સમજ્યા પછી પણ પ્રશ્ન એ થાય છે કે ધ્યેયની પ્રાપ્તિ એટલે કે આત્માનું કલ્યાણ કરવું કેવી રીતે? અને એ અનુસંધાને ગીતાજી મદદમાં આવે છે જે સમજીએ.

સ્વયંની મુક્તિ તથા ઈશ્વરની સમીપ લાવનાર માર્ગદર્શન આપણને ગીતાજીના ૧૨મા અધ્યાયમાંથી મળી રહે છે. આ અધ્યાય એટલે કે ભક્તિયોગ એ સંસારી માનવીઓ માટે ભગવાન શ્રી કૃષ્ણ દ્વારા માર્ગદર્શન કરતો જીવનમાં અપનાવી શકાય તેવો સાધન કરવામાં સુલભ એવો સુંદર યોગ છે જેમાં સરળ અને સહજ ભક્તિથી સુલભ એવા આત્માના કલ્યાણ તથા તત્ત્વની ઓળખથી ઈશ્વરની પ્રાપ્તિનું સંપૂર્ણ સરળ માર્ગદર્શન છે જે સમજવાની સાથે જ સમીપમાં દિવ્યશક્તિ સાથે હોવાનો અહેસાસ થાય છે. પરમ સંતોષ તથા શાંતિનો ભાવ અનુભવાય છે અને આ જ તો છે ઈશ્વર પ્રાપ્તિ.

સગુણરૂપ પરમેશ્વર કે નિર્ગુણ નિરાકાર બ્રહ્મમાંથી કોની ભક્તિ કરવી તે વિષે શ્રી કૃષ્ણ કહે છે કે મારામાં મનને એકાગ્ર કરીને અતિશય શ્રેષ્ઠ શ્રદ્ધાથી યુક્ત થઈ જે ભક્તજન મને એટલે કે સગુણરૂપ પરમેશ્વરને ભજે છે તે મને માન્ય ઉત્તમ યોગી છે. અહીં ભાવ એ છે કે સગુણરૂપ પરમેશ્વરને અનન્ય ભક્તિ દ્વારા ભજવા એ નિરાકાર બ્રહ્મને ભજવા કરતાં સહેલા છે. ભગવાન કહે છે કે નિરાકાર બ્રહ્મમાં આસક્ત ચિત્તવાળા પુરૂષોનાં સાધનમાં પરિશ્રમ વિશેષ છે. કારણ કે દેહાભિમાનીઓ દ્વારા અવ્યક્ત દુ:ખપૂર્વક પ્રાપ્ત કરવામાં આવે છે. જો કે નિરાકાર બ્રહ્મને ભજનાર સમત્વની ભાવનાવાળા યોગી પણ પ્રભુને જ પ્રાપ્ત થાય છે.

સગુણરૂપ પરમેશ્વરને ભજીને પ્રાપ્ત કરવા પર ભગવાન શ્રી કૃષ્ણ, કૃષ્ણપરાયણ થવા પર એટલે કે અનન્ય ભક્તિમય થવા પર પ્રેરણા આપે છે તથા ભાર મૂકે છે. જેમાં ભક્તને સરળ માર્ગદર્શન આપવામાં આવે છે કે જે ભક્ત સંપૂર્ણ કર્તવ્યકર્મો ઈશ્વરને પરાયણ થઈ ઈશ્વરને સમર્પિત થઈ કરે છે તથા આસક્તિ અને વેરભાવથી રહિત હોય છે તે ભક્ત ઈશ્વરને પ્રાપ્ત થાય છે. જેમાં ઈશ્વરને સમર્પિત થવા વિશેનો ભાવ છે જે સમગ્ર ગીતાનું સારત્વ પણ છે. પ્રભુ કહે છે કે આવા અનન્ય ભક્તિમય પુરૂષનો હું સંસાર સમુદ્રમાંથી ઉદ્ધાર કરૂં છું એટલે જ મન, બુદ્ધિ પ્રભુમાં લગાવવાથી પ્રભુમાં જ ભક્તનો નિવાસ થાય છે.

આગળ પ્રભુમાં અચલ સ્થાપના માટે શ્રી કૃષ્ણ વધુ સરળ રસ્તાઓ બતાવતા અર્જુનને કહે છે કે તું મનને મારામાં અચળ સ્થાપન માટે સમર્થ નથી તો પણ વાંધો નહીં. તું અભ્યાસરૂપ યોગ દ્વારા મને પ્રાપ્ત કરવા ઈચ્છા કર. અભ્યાસરૂપ યોગની સમજૂતી મુજબ ભગવાનના નામ અને ગુણોનું શ્રવણ, મનન, કિર્તન તથા શ્વાસ દ્વારા જપ તથા શાસ્ત્રોનું પઠન વિગેરે વારંવાર કરવું એવો અહીં ભાવ છે. જે સાધન કરવામાં સરળ છે. આગળ પ્રભુ અર્જુનને કહે છે કે આ અભ્યાસમાં પણ તું અસમર્થ છે તો ફક્ત મારા માટે કર્મ કરવા

પરાયણ થઈ જા. આમ ભગવાનને નિર્મીત કર્તવ્ય કર્મો જેવા કે યજ્ઞ, દાન, તપ, વિ. નિષ્કામ પ્રેમભાવથી કરવાનો ભાવ છે કે જેના દ્વારા ઈશ્વર પ્રાપ્તિરૂપ સિદ્ધી મેળવી શકાય. આગળ શ્રી કૃષ્ણ અર્જુનને કહે છે કે તેમ કરવાને પણ તું અસમર્થ છે તો તું મન, બુદ્ધિ વિ. પર વિજય પ્રાપ્ત કરીને સર્વો કર્મોના ફળનો ત્યાગ કર. સર્વો કર્મોના ફળના ત્યાગનો ભાવ એ છે કે ખાન-પાન-તપ, હવન, દાન, વિ. સર્વે કર્મો ઈશ્વરને સમર્પણ કરવાં. જેમાં સમર્પણની ભાવનાથી ભગવાનમાં શ્રદ્ધા, પ્રેમ અને પરાયણતા તથા સાતત્ય જળવાય છે. એટલે જ ધ્યાનથી કર્મફળનો ત્યાગ શ્રેષ્ઠ છે.

સંસારી માનવી ગીતાજીના આ સરળ માર્ગદર્શન દ્વારા શાંતિને પ્રાપ્ત થાય છે તથા ઈશ્વરપરાયણ રહી શકે છે. આગળ આ યોગમાં પ્રભુ પોતાને પ્રિય ભક્તના ગુણો જણાવે છે તે મુજબ તે ભક્ત સર્વ પ્રાણીમાં દ્વેષભાવ રહિત, મમતારહિત, અહંકારરહિત, સુખ-દુઃખમાં સમતા રાખનાર, ક્ષમાવાન, મન ઈન્દ્રીયોને વશમાં રાખનાર, દ્રઢ નિશ્ચયી અને ઈશ્વરમાં સમર્પિત છે. તે ઈશ્વરને પ્રિય છે. આવા ભક્તો કોઈને ઉદ્વેગ કરાવતા નથી તથા કોઈનાથી ઉદ્વેગ પામતા નથી તથા જે સુઃખ-દુઃખમાં સમ છે, સર્વ રીતે સંતુષ્ટ છે તથા ઉપર વર્ણવેલ ધર્મમય અમૃતનું નિષ્કામ પ્રેમભાવથી, શ્રદ્ધાથી સેવન કરે છે એ ભક્તો પ્રભુને ખૂબ જ પ્રિય છે.

આમ ઈશ્વર સમીપે જવાનો સુંદર માર્ગ બતાવનાર તથા પ્રભુને પ્રિય બનવા પ્રેરણા આપનાર સુંદર માર્ગદર્શન ગ્રહણ કરી આત્મકલ્યાણનો રાહ સરળ બનાવે તેવા પ્રયત્નો સેવીએ.

જયશ્રી કૃષ્ણ...

પેટામંડળ અહેવાલ

શ્રી સૌરાષ્ટ્ર દશા મોઢ માંડલીયા પ્રગતિ મંડળ ટ્રસ્ટ
નરોડા, અમદાવાદ.

ફેમીલી બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ સીઝન-૨ - સારાંશ

તા. ૨૪-૧૨-૨૦૨૩

સ્થળ : બાઉન્ડ્રી બોક્સ ક્રિકેટ, બીલાસિયા, નરોડા-દહેગામ રોડ, નરોડા, અમદાવાદ.

- સમગ્ર અમદાવાદમાંથી આપણા સમાજની કુલ ૧૬ ટીમોએ ભાગ લીધો હતો. દરેક ટીમમાં ૮ ખેલાડીઓ (૪ પુરૂષ - ૪ સ્ત્રી-બાળકો) હતા. જેમા કુલ ૧૨૮ ખેલાડીઓએ ભાગ લીધેલ હતો.
- અમ્પાયરો આપણા સમાજની બહારના હતા.
- સમગ્ર ટુર્નામેન્ટમાં કુલ ૧૫ મેચો રમાઈ હતી. ફાઈનલ મેચ શહેનશાહ ટીમ - કેપ્ટન જીગરભાઈ શાહ (નરોડા) અને ટીમ લેઝી રીયોંસ - કેપ્ટન તેજસ પારેખ (ક્રિષ્નાનગર) વચ્ચે રમાઈ હતી. ટીમ શહેનશાહ ફાઈનલ મેચ જીતીને ટુર્નામેન્ટની ચેમ્પીયન બની હતી. ટીમ લેઝી રેયોંસે રનર અપ ટ્રોફી જીતી હતી.
- વિજીત દિવાને (ટીમ લેઝી રેયોંસ) સૌથી વધુ ૨૦૨ રન બનાવ્યા અને પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ ટ્રોફી જીતી. રૂપલબેન અજયભાઈ શાહ (ટીમ શહેનશાહ) ટુર્નામેન્ટમાં સૌથી વધુ ૬ વિકેટ લઈને શ્રેષ્ઠ બોલર બન્યા હતા અને તેમણે મહિલા સશક્તિકરણનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરૂં પાડ્યુ હતું.
- અમે અમારા તમામ પ્રાયોજકો (કંચન જ્વેલર્સ, જેપી જ્વેલર્સ અને પ્રમુખ જ્વેલર્સ)નો આભાર માનીએ છીએ.
- ૨૦૦ થી વધુ સભ્યો (ખેલાડીઓ તથા પ્રેક્ષકો) એ સ્વાદિષ્ટ રાત્રિભોજન લીધું અને મેચનો આનંદ માણ્યો.
- અમારી સંસ્થાના ક્રિકહીરોઝ એપનો ઉપયોગ કરીને સમગ્ર ટુર્નામેન્ટના સ્કોરીંગને રેકોર્ડ કરવા માટે ડિજીટલ માધ્યમનો ઉપયોગ કર્યો છે. ગ્રાઉન્ડ પર ૧૦૦ થી વધારે પ્રેક્ષકો હાજર હતા. જેમણે બોક્સ ગ્રાઉન્ડ પર લાઈવ મેચનો આનંદ માણ્યો હતો અને ૩૦૦ થી વધારે વર્ચ્યુઅલ લોકોએ ક્રિકહીરોઝ એપ પરથી ફાઈનલ મેચમાં લાઈવ સ્કોરીંગનો આનંદ માણ્યો હતો. તેમજ અમારી ટુર્નામેન્ટને ક્રિકહીરોઝ એપ પર અત્યાર સુધીમાં ૩૦૦૦ થી વધારે વ્યુ મળેલ છે.

પપ્પા એટલે શું?

- શ્રી પ્રદીપભાઈ વડોદરીયા (રાજકોટ) મો.: ૯૬૬૨૫ ૨૨૪૫૪

બાળકના જન્મની સાથે જ એક પિતા (પપ્પા) અને માતાનો પણ જન્મ થાય છે. માતા એટલે હૂંફ, ત્યાગ, વાત્સલ્ય અને પિતા (પપ્પા) એટલે કે વિશ્વાસ, શક્તિ અને પ્રેમ. જો કે આ છ એ મનોવલણો એક પિતા (પપ્પા)માં હોય જ છે. નહીંતર દીકરી સાસરે જાય ત્યારે ભલભલો ભડવીર પિતા (પપ્પા) પણ ભાંગી પડતો ન હોત. એટલે જ આપણે ત્યાં ગુજરાતીમાં પિતાને ઘરના મોભ સાથે સરખાવ્યો છે. જેનો ભરોસો, જેની તાકાત પર ઘર ટકેલું હોય છે. બાળક પિતાની આંગળી પકડીને ચાલતું હોય ત્યારે એક વિશ્વાસ, સુરક્ષાનો ભાવ હોય છે. પપ્પા બહારથી સખત દેખાય પણ અંદરથી સાવ કોમળ!!! પપ્પા સંઘર્ષના તોફાનોમાં ઘરની ચટ્ટાન તો મુશ્કેલીઓ સામે લડતી બેધારી તલવાર હોય છે. પપ્પા બાળકના જન્મથી લઈ મૃત્યુ સુધી વિશ્વાસનો પર્યાય બની રહે છે. બાળક માટે ઉંમરનો કોઈપણ તબક્કો હોય પણ પપ્પા એટલે વિશ્વાસ.

ગમે તેવી પરિસ્થિતિમાં ઘર માટે પપ્પા જ વિશ્વાસ છે અને ભરોસાની પ્રતિ મૂર્તિ છે. પપ્પા બાળકના જીવનનું મૂળ છે. જેણે પોતાનું સર્વસ્વ સીંચીને તમને ઉછેર્યા છે. વૃક્ષ ગમે તેટલું વિશાળ બને છે પણ એ ટકે છે મૂળના આધાર પર...

છતાં પણ પપ્પાને આપણે ઓળખી શક્તા નથી... અને કેવું કેવું પપ્પા સાથે થાય છે તે જોઈએ એ પહેલા આ લેખ દરેક પિતા (પપ્પા)ને સમર્પણ કરૂં છું.

માતા વિશે તો કવિઓ તથા લેખકોએ ખૂબ જ લખ્યું છે. પરંતુ પિતા વિશે બહુ જ ઓછા લોકોએ લખ્યું છે, જેથી પપ્પા વિશે આ લેખમાં વાંચીએ...

– પપ્પાને સમજવા માટે કોઈપણ ફૂટપટ્ટી ટૂંકી પડે છે. દરેક ઘરમાં આપણે સૌએ આ એક વાક્ય પપ્પા માટે સાંભળ્યું જ હશે.. તમને કાંઈ જ ખબર ન પડે!! તમે ચૂપ રહો... આ વાક્ય ખરેખર પપ્પાનું દિલ (હૃદય)ના ચીંથરા ઉડાડી દે છે.

– પપ્પા એટલે ઘરની વન–મેન સરકાર. આત્મવિશ્વાસનો દરિયો.

– પપ્પા એક પ્રકૃતિ છે, જેમાં વારંવાર બદલાવ આવી શકે છે. આ જ પપ્પા પોતે ચાલીને જાય છે કે સાયકલ ફેરવે છે, પરંતુ સંતાનોને બાઈક અપાવે.

– આજ પપ્પા વર્ષમાં જેટલાં કપડા–બુટ–ચંપલ હોય તેમાં જ ચલાવી લે છે પણ સંતાનોને જોઈએ તે અપાવે. સંતાનોની બધી જ ઈચ્છા પૂરી કરે અને પોતાની ઈચ્છાઓને દફનાવી દે છે.

– સીઝનનું પહેલું ફ્રૂટ ઘરમાં આવે અને સંતાનોને ખવડાવે.

– પપ્પા એટલે એવું પાત્ર જેને આપણે કદી સમજી જ નથી શકતા. પપ્પા એક શ્રીફળ સમુ વ્યક્તિત્વ કે જે બહારથી કડક અને અંદરથી ભીના ભીના (નરમ)

– પપ્પા એટલે પરિવારનું એવું સભ્ય જે પરિવાર સાથે સૌથી ઓછો સમય ફાળવી શકે છે.

– દરેક તહેવાર અને પ્રસંગમાં ઘરમાં સૌથી છેલ્લી એન્ટ્રી થાય છે એ પપ્પા જ હોય.

– પપ્પા એટલે ગંજીફામાં જોકરનું પાનું. એટલે પપ્પા જે ગમે ત્યાં ઉપયોગમાં લઈ શકાય. ક્યારેક ડ્રાઈવર, ક્યારેક પ્લમ્બર, ક્યારેક કુલી તો ક્યારેક ઘરકામ પણ...

– પપ્પા એટલે પીપળાનું વૃક્ષ સમાન સૌથી વધુ ઓક્સિજન આપે છતાં ઘરના આંગણામાં એમને ભાગ્યે જ સ્થાન મળે છે. એ વધુ સમય બહાર જ હોય છે. રાત્રે ઘેર આવવાનો સમય થતો હોય ત્યારે જ મોબાઈલની રીંગ પપ્પા ઉપર જાય કે આવો ત્યારે દવા–દૂધ, શાકભાજી, ફરસાણ, ફ્રૂટ લેતા આવજો અને પપ્પા રસ્તામાં હોય તો પણ આ બધુ લઈ આવે અને ઘરમાં પગ મૂકે ત્યાં ફરિયાદોનું લીસ્ટ, ઈચ્છાઓનું લીસ્ટ એમના હાથમાં મૂકાઈ ગયું હોય.. અરે! એમને વિસામો તો લેવા દો... ખાવા–પીવા તો દો. પરંતુ પપ્પાને આપણે ક્યાં સમજી શકી છીએ??!!

– પપ્પા એટલે દરેકની કિંમત ચૂકવતી હાલતી–ચાલતી બેંક છે. સાથે સાથે લાગણીઓનો ઘૂઘવતો દરિયો છે અને ક્યારેક એમની લાગણી પામવા વ્રજ જેવી છાતીને ચીરીને એમના હૃદય પાસે જવું પડે.

– પપ્પાની કિંમત આપણે રોજ નથી કરતા. એ તો દોડ્યા જ કરે છે એટલે એમના તરફ ધ્યાન પણ નથી જતું.

– પપ્પા એટલે દીકરા–દીકરી પરણીને પોતાની જગ્યાએ સેટ થઈ જાય ત્યાં સુધી ધ્યાન રાખી ચિંતા કર્યા કરે અને જ્યારે દીકરીને કન્યાદાન આપીને વળામણા કરે ત્યારે એ પપ્પા એમના કાળજાનો કટકો સોંપીને ભાંગીને ભૂકકો થઈ જતો હોય છે છતાં આપણે પપ્પાને સમજી શકતા નથી.

– પપ્પા પોતાની લાગણીઓને સમજી શકતા નથી. જેથી પપ્પાનો ઘરની દરેક વ્યક્તિઓ થાય તેટલો દુરૂપયોગ કરે છે અને જ્યારે પપ્પાની ઉંમર ૬૦ ની થાય અને બધુ પરવારી ગયા હોય પછી પત્ની પણ એ પપ્પાને કાંઈ જ બોલવા ન દે અને કહે કે – તમને ખબર ન પડે.. તમે તો બોલતા જ નહીં..

– પપ્પા એક અવર્ણનીય વ્યક્તિત્વ છે. હું આ લેખના માધ્યમથી સૌને વિનંતી કરૂં છું કે પપ્પાને છેક સુધી પ્રેમ કરો. એમનું ધ્યાન રાખો. પૂરતું માન આપો. એમની ગમતી વસ્તુ–વિષયનું ધ્યાન રાખો. કારણ કે પપ્પા જ કુટુંબનું મૂળ છે. જેઓ પોતાની જાતને સૌ સભ્યો માટે હોમી દેતો હોય છે. એટલે જ કહુ છું કે પપ્પાને ઓળખો તો જ ખબર પડશે કે પપ્પા એટલે શું??!

– કડવું સત્ય કહુ?? – પપ્પાની ૬૦ વર્ષ પછીની ઉંમરમાં બહુ જ ઓછા ઘરમાં પપ્પાની સંભાળ, માન–પાન–ઈચ્છાઓ ઉપર ધ્યાન આપવામાં આવે છે.

અને છેલ્લે કહી દવ કે પપ્પાને સમજવા માટે આપણે કદાચ ફરીથી જન્મ લેવો પડશે. કારણ કે આખી જિંદગી સંતાનો માટે કરશે પણ એક આભારની અપેક્ષા પણ નહીં રાખે એમને તો પપ્પા કહેવાય....

નારી તું નારાયણી

- શ્રીમતી રશ્મીબેન એમ. શાહ (અમદાવાદ) (મો.: ૯૮૨૫૭ ૬૩૪૭૬)

આજકાલ હ્યુમન ટ્રાફીકીંગ શબ્દ આપણે અવારનવાર સાંભળીએ છીએ. સમાચારમાં પણ તેના વિશે વાંચીએ છીએ. તો આ હ્યુમન ટ્રાફીકીંગ શું છે? ગુજરાતીમાં તેને માનવોની હેરાફેરી અથવા તો માનવ તસ્કરી કહે છે.

આ માનવોની હેરાફેરીમાં મુખ્યત્વે યુવાનો, સ્રીઓ અને બાળકોનો સમાવેશ થાય છે. યુવાનોને ગુલામી અને મજૂરી માટે બળજબરીપૂર્વક લઈ જવામાં આવે છે અથવા તો ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ જેવી કે દાણચોરી, ડ્રગ્ઝની હેરાફેરી, ચોરી. વિ. માટે તેઓનો ઉપયોગ કરવામાં આવે છે. જ્યારે બાળકો પાસે ભીખ મંગાવે છે.

સૌથી વધુ માનવ તસ્કરી મહિલાઓ અને યુવતીઓની થાય છે. તેઓને પ્રથમ તો સારી નોકરીની લાલચ આપે છે, ત્યારબાદ તેઓને વેશ્યાઘરોમાં ધકેલી દેવામાં આવે છે અથવા તો કોલગર્લ, બારડાન્સર, મસાજ પાર્લર, ટુરીઝ્મ સેક્ટરમાં વેંચી દેવામાં આવે છે. ત્યાં તેઓને સેક્સવર્કર તરીકે કામ કરવું પડે છે. તેઓનું વ્યાવસાયિક શોષણ કરવામાં આવે છે. ઘણીવાર તો તેઓના બળજબરીપૂર્વક લગ્ન પણ કરવામાં આવે છે.

માનવ તસ્કરીનો ભોગ બનેલી મહિલાઓની શારીરિક, માનસિક અને સામાજિક સ્થિતી કફોડી બની જાય છે.

મહિલાઓ શા માટે માનવ તસ્કરીનો ભોગ બને છે તેની પાછળ મુખ્યત્વે ગરીબી, શિક્ષણનો અભાવ, કાયદાકીય હક વિશેની અજ્ઞાનતા અને પુરૂષપ્રધાન સમાજ છે.

આજે આપણે એક એવી મહિલા–સમાજસેવિકાની વાત કરવાની છે, જે આવી મહિલાઓ માટે સહારો બનીને તેઓના માટે કાર્યરત છે. નેપાલની આ મહિલાનું નામ છે અનુરાધા કોઈરાલા.

અનુરાધા કોઈરાલાનો જન્મ ૧૪ એપ્રીલ, ૧૯૪૯માં રૂમજાતમ, નેપાલમાં થયો હતો. માતા લક્ષ્મી ગુરુંગ અને પિતા કર્નલ પ્રતાપસિંઘ ગુરુંગનું તેઓ પ્રથમ સંતાન છે. એક શિક્ષીત કુટુંબમાં તેઓનો જન્મ થયો હોઈ એક કોન્વેન્ટ સ્કૂલમાં તેઓએ શિક્ષીકા તરીકે કાર્ય કરેલું. બાદમાં તેમની માતા અને બહેને તેમને સમાજસેવા માટે પ્રોત્સાહિત કરેલા.

અનુરાધાના નાની ઉંમરમાં જ લગ્ન થઈ ગયા હતા. પરંતુ તેમનું લગ્નજીવન સુખી ન હતું. ઘરેલુ હિંસાના કારણે ત્રણ વાર તેઓને કસુવાવડ (મીસકેરેજ) થઈ ગયેલ. ઘરમાં તેઓને સતત હેરાન કરવામાં આવતા હતા. શારીરિક અને માનસિક ત્રાસના કારણે તેણીએ પતિનું ઘર છોડી દીધું હતું. આ પરિસ્થિતીમાં સ્રીઓ માટે માત્ર માનું ઘર જ આશરો બને છે. પરંતુ ઘણા કેસમાં માના ઘરમાં પણ આશરો મળતો નથી. તેઓને બહાર કાઢી મૂકવામાં આવે છે.

આ સમયે અનુરાધાને એક વિચાર સ્ફૂર્યો અને જે મહિલાઓ સમાજમાંથી તરછોડાઈ છે તેના માટે એક સંસ્થા ઉભી કરી અને આ સંસ્થાનું નામ મૈતી. નેપાળમાં મૈતી એટલે માનું ઘર.

એપ્રિલ ૧૯૯૩માં અનુરાધાએ પોતાની બચતમાંથી કાઠમંડુના એક નાનકડા ઘરમાં મૈતીનેપાલની સ્થાપના કરી.

મૈતીનો ઉદ્દેશ સ્રીઓનું સશક્તિકરણ. ઘરેલુ હિંસાનો ભોગ બનેલી અને માનવ તસ્કરીનો ભોગ બનેલી મહિલાઓને મદદ કરી સ્વાવલંબી બનાવવી.

પોતાની જ બચત અને આવકથી શરૂ કરેલ સંસ્થામાં શરૂઆતમાં આઠ મહિલાઓને મદદ કરી અને સ્વતંત્ર બનાવી.

બાદમાં તેનુ નેટવર્ક વધતા યુનિસેફ નામની સંસ્થાની મદદ મળી. બાદમાં નાનકડા ઘરમાંથી મૈતીનો વિકાસ થયો. અનેક જગ્યાએ તેની શાખાઓ સ્થાપવામાં આવી. તેની સેવાકીય પ્રવૃત્તિઓને પણ વ્યાપક બનાવવામાં આવી. મુખ્યત્વે ઈન્ડો–નેપાલ બોર્ડર પર યુવતીઓ અને મહિલાઓને માનવ તસ્કરીમાંથી બચાવી તેઓને આશરો આપવાનું પણ શરૂ કર્યું. તેનો મુખ્ય ઉદ્દેશ સ્રીઓ અને બાળકોને શોષણમુક્ત બનાવવાનો છે.

માનવ તસ્કરીનો ભોગ બનેલા લોકો શારીરિક અને માનસિક રીતે ભાંગી પડે છે. મૈતી આવા લોકોનું કાઉન્સેલીંગ કરી અને તેઓને નવજીવન બક્ષે છે.

અનુરાધા કોઈરાલાને ૩૮ નેશનલ અને ઈન્ટરનેશનલ એવોર્ડ મળ્યા છે. જેમાંના કેટલાક નીચે મુજબ છે:

(૧) બેસ્ટ સોશીયલ વર્કર (૨) પ્રબલ ગોરખા દક્ષિણ બહુ મેડલ (નેપાલ) (૧૯૯૯) (૩) પ્રિશક્તિ પટ્ટા એવોર્ડ (૨૦૦૨) (૪) ધ કરેજ ઓફ કોન્સીયસ એવોર્ડ (૨૦૦૬) (૫) જર્મન યુનિફેમ પ્રાઈઝ (૨૦૦૭) (૬) ક્વીન સોફીયા સીલ્વર મેડલ એવોર્ડ (૨૦૦૭) (૭) સીએનએન હીરો એવોર્ડ (૮) મધર ટેરેસા એવોર્ડ (૨૦૧૪) (૯) પદ્મશ્રી એવોર્ડ – રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી હસ્તે (૨૦૧૭)

નેપાળમાં તેમને મધર ટેરેસાના ઉપનામથી પણ ઓળખવામાં આવે છે.

અનુરાધાએ નવેમ્બર ૨૦૧૭માં કોંગ્રેસ પાર્ટી જોઈન્ટ કરેલ. બાગમતી પ્રાંતમાં પ્રથમ ગવર્નર તરીકે ૧૭ જાન્યુઆરી ૨૦૧૮ માં તેઓની નિમણુંક કરવામાં આવેલી.

૧૯૯૩ થી ૨૦૦૨ ના વર્ષોમાં અનુરાધા અને તેની સંસ્થાએ ૫૦૦૦૨ મહિલાઓ અને યુવતીઓને બચાવી અને તેઓનું પુન:વસનનું કાર્ય કરેલ છે.

૨૦૧૦માં યુ.એસ.એ. સરકારે ૫ લાખ ડોલરની બે વર્ષ માટે મૈતી નેપાલને ગ્રાન્ટ આપી હતી.

અનુરાધા કોઈરાલા કહે છે, જ્યારે સમાજ માનવ તસ્કરી અને ઘરેલુ હિંસાથી મુક્ત થશે એ દિવસ મારા માટે સૌથી ખુશીનો હશે.

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ

- જયશ્રીબેન ઠાર (પૂના)

હમકો મન કી શક્તિ દેના, મન વિજય કરેં,
દૂસરો કી જય સે પહેલે ખુદ કો જય કરેં...

ઉન્નતિ આજે ખૂબ જ ખુશ હતી. ગીતને ગણગણતી તૈયાર થઈ રહી હતી. એનો આનંદ એની પ્રત્યેક ક્રિયામાં દેખાતો હતો. ત્યાં જ શ્રુતિ આવી. ઉન્નતિને આનંદમાં જોઈને બોલી – માં, આજે શું છે? આજે તું આટલી બધી આનંદમાં કેમ છો? મને કહેને ? ઉન્નતિ એનાં વિચારોમાં મસ્ત, ખુશીમાં ખોવાયેલી, શ્રુતિના સવાલો તેનાં કાને અથડાઈ ને પાછા આવી ગયા. શ્રુતિએ હવે ઉન્નતિનો હાથ પકડીને એનાં બધા સવાલો પૂછવા લાગી. ઉન્નતિ જાગૃતિ થઈ, સામે સવાલે પૂછવા લાગી. આજે ક્યો દિવસ છે, તને ખબર છે? આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ છે. શ્રુતિ અસંજમસમાં જ એટલે શું માં? એટલે સ્ત્રીઓનો દિવસ. પ્રત્યેક સ્ત્રી આ દિવસે પોતે સ્ત્રી હોવાનું અભિમાન ધરાવે છે. તને ખબર છે બેટા, હર વર્ષની ૮મી માર્ચના આ દિવસને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

શ્રુતિઃ ૮ માર્ચ કેમ? હં.... સરસ સવાલ. તો સાંભળ મહિલા દિવસ કેમ મનાવવામાં આવે છે. તો એના માટે આપણે ઇતિહાસમાં જવું પડે. ૧૯૦૮માં ન્યુયોર્ક શહેરમાં મહિલાઓએ રસ્તા ઉપર આવીને પોતાના હક માટે લડાઈ લડી હતી. તેઓની માંગ હતી કે તેમનાં કામ કરવાના સમયમાં ઘટાડો કરવો. તેમના વેતનમાં વધારો કરવો અને મતદાન વખતે મતનો અધિકાર આપવો. આ માટે તેઓએ પૂરી શક્તિથી માંગ કરી હતી. ત્યારબાદ તેમને મતદાનનો અધિકાર મળ્યો. સમય જતા ઘણાં બીજા અધિકાર પણ મળ્યા.

૧૯૧૭ માં એક યુદ્ધ થયું હતું. ત્યારે રૂસની મહિલાઓએ બ્રેડ એન્ડ પીસ – એટલે કે રોટી અને શાંતિ માટે માંગ કરી હતી. મહિલાઓની આ હડતાલે ત્યારના સમ્રાટને પણ પદ છોડવા માટે મજબૂર કરી દીધો. તે સમયે રૂસમાં જુલીઅન કેલેન્ડરનો ઉપયોગ થતો હતો. તે કેલેન્ડરમાં ૨૩ ફેબ્રુઆરી હતી. સર્વ સામાન્ય પૂરી દુનિયામાં ગ્રેગરીયન કેલેન્ડરનો ઉપયોગ કરવામાં આવે છે. આપણે ત્યાં આજે પણ ઇંગ્લીશ કેલેન્ડર એટલે કે ગ્રેગરીયન કેલેન્ડરને માનવામાં આવે છે. તે કેલેન્ડર પ્રમાણે તે દિવસે ૮ માર્ચ હતી. આથી ૮ માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ૧૯૭૫ માં અધિકારીક રીતે સંયુક્ત રાષ્ટ્રએ મહિલા દિવસ મનાવવાની મંજૂરી આપી હતી. આથી તે દિવસથી ૮ માર્ચમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવવામાં આવે છે.

શ્રુતિ એકદમ બોલી ઉઠી. તો તો માં..નારીશક્તિ એકત્ર થાય ને સંકલ્પ કરે તો નવો ઇતિહાસ રચી શકે. એકદમ સાચું ...

માં તું આટલી સરસ તૈયાર થઇ ને ક્યાં ચાલી? અરે હાં... આજે અમારા મહિલા મંડળમાં નારીશક્તિ વિષે વક્તૃત્વ સ્પર્ધા છે. તેમાં હું પણ મારા વિચારો રજૂ કરવાની છું. મહિલા દિવસ હોવાથી દેશભરમાં તેના સેલીબ્રેશન માટે જુદા જુદા પ્રોગ્રામમાં પાર્ટીઓ અને મહિલાઓને સશક્તિકરણ માટે જાગૃત કરવી (વુમન એમ્પાવરમેન્ટ) આવા અનેક કાર્યક્રમો યોજવામાં આવે છે.

તો માં તારા વિચારો મારી સાથે શેર કરને !!! મારે પણ જાણવા છે.

દુનિયા કે પહેચાન હૈ ઔરત, દુનિયા પર અહેસાન હૈ ઔરત,
હર ઘરકી જાન હૈ ઔરત, બેટી, માં બહન પત્ની બનકર - ઘર ઘર કી શાન હૈ ઔરત.
ના સમજો ઈસકો, તુમ કમજોર કભી, હર ઘરકી જાન હૈ ઔરત.

નારી એટલે શક્તિ. નારીનું સાચું સ્વરૂપ એટલે શક્તિ. મહિલાઓ હંમેશાં સશક્ત છે. પહેલા પણ હતી ને આજે વર્તમાન સમયમાં એટલી જ સશક્ત છે. સમયે સમયે તેની શક્તિને બુદ્ધિને અને એની પ્રતિમાને જુદા જુદા રૂપ, સ્થાન અને માનથી બિરદાવી છે. પૌરાણિક સમયથી જોઈએ તો તે શક્તિ સ્વરૂપા દેવી તરીકે પૂજાણી. ત્યારબાદના યુગમાં તેને ઘરની લક્ષ્મી તરીકે માનવામાં આવી. ત્યારબાદ અર્ધાંગિની રૂપે બિરદાવી. તેની શક્તિ અને બુદ્ધિમત્તાને તેની કોઠાસૂઝને પુરૂષના સહાયક તરીકે ગણવામાં આવ્યા. કહેવત પણ પડી – એક પુરૂષની સફળતા પાછળ એક સ્ત્રી હોય છે. પછી એ માં, બહેન, પત્ની કે દીકરી કોઈપણ સ્વરૂપે હોય. પછીના યુગમાં સ્ત્રી શિક્ષીત બનીને જાગૃત થઈ. તેને પોતાની શક્તિનો આભાર થયો. તેને સમજાવા લાગ્યું કે તેને કોઈના નામ, સંબંધ, લાગણી કે સિફારીશ કે આધારની જરૂર નથી. ઈશ્વરે જન્મથી જ તેને શક્તિમાન અને સક્ષમ બનાવી છે. કોઈપણ પરિસ્થિતીનો સામનો તે ખુદની શક્તિથી જ કરી શકે છે. સ્ત્રીઓએ પોતાના જન્મસિદ્ધ હકો માટે લડત લડીને સફળતા મેળવી. તેમાંયે આજની નારી એક ડગલું આગળ છે. આજની નારીનો આત્મવિશ્વાસ બુલંદ છે. તે સ્વજાતને ઓળખે છે. માટે સ્વમાન માટે લડે છે. આથી તે હવે કોઈ ખોટા નામ, સંબંધ, ચાપલુસી કે લાગણીના આડંબરની ઓઢણી ઓઢવા નથી માગતી. આજે ભારતમાં જ જૂઓ તો દરેક ક્ષેત્રે સ્ત્રી પોતાની શક્તિનું પોતાનામાં રહેલી આગવી પ્રતિભાનું સરળતાપૂર્વક પ્રદર્શન કરીને સિદ્ધી મેળવી રહી છે. પોતાની શક્તિનો પરચમ લહેરાવી રહી છે. અમુક ક્ષેત્રે તો પુરૂષોને પણ પાછળ છોડી દીધાછે. માટે નારી ને નારાયણી કહેવાય છે. નારી તું નારાયણી. નારી જ એખ ઘરને મંદિર બનાવી શકે છે. તેનામાં આ બધા ગુણો છે.

આજ્ઞાનકારી – ઘરનો પાયો	સેવા – ઘરનો શણગાર	સંપ – ઘરનો મોભા
કરકસર – ઘરની કમાણી	સફાઈ – ઘરની સુંદરતા	સંતોષ – ઘરનું ભોજન
વિશ્વાસ – ઘરનાં નીર	શાંતિ – ઘરનું સુખ	દાન – ઘરનો દીવો

આ સર્વથી ઘર મંદિર બને છે. આ મંદિરનો કળશ એ પ્રેમ છે. આથી જ નારીને રત્નોની ખાણ કહેવાય છે.

તાળીઓના અવાજે ઉન્નતિને તેના વિચારોમાંથી જાગૃત કરી. ત્યારે ઉન્નતિનો ચહેરો એક અવર્ણનીય તેજથી ચમકી રહ્યો હતો.

સંતાન સાથે મિત્ર બનીને રહેવું કે માતા-પિતા?

- શ્રીમતી સુષ્માબેન અનીલભાઈ રાઠોડ (વડોદરા)

પેરેન્ટીંગ એ આજના સમયમાં અઘરો વિષય બનતો જાય છે. આજની યુવાપેઢી સાથે મિત્ર બનીને રહેવું કે તેમના માતા-પિતા એ જ સમજાતું નથી. આજકાલ બનાવો પણ એવા બનતા રહે છે કે આપણને આ વિચાર આવ્યા વગર રહે નહીં, અને એમાંય આપણા કહેવાતા સમાજનું પ્રેશર બાળક ઉપર અને માતા-પિતા ઉપર પણ ખરૂં જ.

પોતાના બાળકને આગળ વધારવા, સમાજમાં તે પણ કંઈ કમ નથી તે બતાવવા માતા-પિતા સતત સ્ટ્રગલ કરતા હોય છે અને બાળક ઉપર પણ જાણે-અજાણે પણ જવાબદારીઓ થોપતા હોય છે. ઘણીવાર આ પ્રેશરનો ઓવરડોઝ બાળકને ખોટા પગલા ભરવા મજબૂર કરી દે છે. આપણે જોઈએ છીએ કે ઘણીવાર એવા કિસ્સાઓ બને છે કે ખૂબ નાની ઉંમરે ભણવાના પ્રેશરથી કંટાળીને દીકરો કે દીકરી અવળું પગલું ભરે ત્યારે એ જ સમાજના લોકો બાળક ઉપર આટલું દબાણ ના લાવવું જોઈએ એવી સુફીયાણી વાતો કરતા હોય છે. તો ઘણીવાર બાળક એકાદવાર કહેવાથી ના સમજે તો સમાજ કહે છે – તેમને બાળકોને સાચવતા જ નથી આવડ્યા. જો ને માતા-પિતાનું કાંઈ માનતા જ નથી.. બોલો આમાં કોનો વાંક?? આ જ સમાજ એક બાળકના ઓછા માર્ક્સ આવ્યા હોય ત્યારે બીજા બાળકોના વધારે માર્ક્સની કે તેની સફળતાની મોટી-મોટી ગાથાઓ કરી ઓછા માર્ક્સ આવેલા બાળકના માતા-પિતાના મનમાં પોતાના બાળક માટે એક પ્રકારની નારાજગી પેદા કરે છે.

ખાસ કરીને સ્ત્રીઓમાં આ કુટેવ વધારે હોય છે. પોતાનું બાળક કેટલું મહાન અને બીજાનું બાળક કેટલું ઉતરતું તે બતાવવાનો તેમનો અભરખો પારાવાર હોય છે. પોતાના સંતાન ઉપર ભણવા બાબતે વધાર પ્રેશર આપનાર દરેક પેરેન્ટ્સમાં ૮૦ ટકા પેરેન્ટ્સ એવા હશે કે જે સમાજના ડરથી પણ આવું પ્રેશર લાવતા હોય છે.

બાળકને જેમ હૂંફની જરૂર હોય છે એમ પ્રોટેક્શનની પણ એટલી જ જરૂર હોય છે. સ્વાભાવિક છે કે બાળક ક્યારેય કોઈ મુશ્કેલીમાં મુકાય ત્યારે તેમાંથી તેને બહાર કાઢવા માતા-પિતા આકાશ-પાતાળ એક કરે છે. દરેક ઘરમાં આવું જ હોય, અને એમાં કાંઈ ખોટું પણ નથી તેમ છતાં બાળકને સિક્યોર ફીલ કરાવવાની પણ એક રીત હોય છે. બાળકને ક્યારેય મનમાં એવું ના ઠસી જવું જોઈએ કે તે ખોટું કરશે તો પણ તેના માતા-પિતા તો તેને બચાવી જ લેશે. ભલે તેમ ક્રુઅલ ના બનો પણ તમારી વાણી અને વર્તનથી શરૂઆતથી જ નાના વાક્યથી તેને સમજાવવાનો અભિગમ અપનાવો.

ઘણા પેરેન્ટ્સ નાનું બાળક ખૂબ વધારે પડતા તોફાન કરતું હોય ત્યારે પણ તેને રોક્વાને બદલે હસવામાં લઈ લે છે. આવું કરવાને બદલે તેને વહાલથી અને જો ના માને તો ગુસ્સે થઈને સમજાવવાનું રાખો. જો એ અભિગમ નાનપણથી જ હશે તો બાળક કાંઈ ખોટું કરતા પહેલા ચોક્કસ સો વાર વિચારશે. આમાં બાળકને સમજાવવાનો કે વઢવાનો મતલબ એવો પણ નથી કે તમે તેને વાતે-વાતે નાની-નાની વાતમાં ટોક્યા કરો. તે કાંઈ પણ કરે તો તેને અટકાવો – ના પાડો ને ગુસ્સો ત્યારે જ કરો જ્યારે ખરેખર જરૂર હોય. આમાં ગુસ્સો કે સમજાવટનો અતિરેક ક્યારેય ના કરવો. એનાથી પણ બાળકના નાના મગજની સ્પ્રીંગ ઉછળતી હોય છે.

બાળકના સંસ્કારોનું ઘડતર તમારા ઘરના વાતાવરણની ઉપર બહુ રાખે છે. સાઈકોલોજી કહે છે કે જે ઘરનું વાતાવરણ કાયમ તંગ રહેતું હશે તે ઘરના બાળકોની માનસિક્તા નોર્મલ બાળકો જેવી નથી હોતી. ઘરનું વાતાવરણ ખુશનુમા અને હળવું હોવું જોઈએ. બીજી સૌથી અગત્યની વાત એ છે કે ઘણા લોકો ઘરમાં આવા ડાયલોગ્ઝ બહુ બોલતા હોય છે કે અરે આપણા તો કોઈ વાળ પણ વાંકો ના કરી શકે... અરે તારો બાપ બેઠો છે ને... તું તારે મોજ કર... આપણે એક ચપટી વગાડીએ ત્યાં બધા આપણા પગમાં પડી જાય. જો તને કોઈ કાંઈ બોલ્યું છે ને તો તો પછી એની ખેર નથી... બોલ બેટા, તારે શું જોઈએ?? પાણી માગે ત્યાં દુધ તારા માટે હાજર.... લગભગ ઘણા લોકોના ઘરમાં આવા તેવર હોય છે. તમે સમજો કે નાનપણથી જ બાળકે પોતાના પિતાની સંતાનો કે પછી પૈસાનો પાવર જોયો તે બાળક કુમળી વયે જ એવું મનમાં સમજી બેસે છે કે પપ્પા છે ને.. આપણા પપ્પા હોય એટલે આપણે કાંઈ પણ કરી શકીએ. આપણે કાંઈ પણ કાંડ કરી તો પણ આપણો કોઈ વાળ પણ વાંકો નહી કરી શકે... આવા-આવા તરંગી અને તુમાખીભર્યા વિચારોમાં તમે કેટલાય નવલોહીયાઓને પોતાના મિત્રવર્તુળમાં કે કોલેજમાં... મારા પપ્પાને જોયા છે? તેને કહીશ ને તો તારી બધી હોંશિયારી બહાર કઢાવી દેશે... માટે માપમાં રહેજે.. આવી-આવી ડંફાસો હાંકતા જોયા હશે.

જેમ નાનપણથી જ બાળકને પોતાના ઘરમાં સ્ત્રી પાત્રો છે તેને માત્ર કામ કરનાર પણ કે દરેકની માટે સતત ઉભું રહેનાર પાત્ર તરીકે જ ટ્રીટ કરાતી હોય તેવું જોતા આવ્યા હો એ પણ સમય જતા એવી જ માનસિક્તા સાથે મોટું થાય છે. આનાથી ઉલટું જે બાળકે નાનપણથી નાના-મોટા સ્ત્રી કે પુરૂષ વર્ગને માન આપી સંબોધન અને વાતચીત કરતા સાંભળ્યા હોય, જોયા હોય એ પણ સમયાંતરે મોટા થતાં એવું જ વર્તન પોતાના સ્નેહી, સગા કે મિત્રો કે કૌટુંબિક સભ્યો સાથે વર્તન કરશે. કહેવત છે ને કે ઘરની વાણી પોપટ બોલે... જેવું જોવે છે તેવું વર્તન કરતાં શીખે છે. મોટા થતા બાળકની માનસિક્તા એવી બને છે. આમાં અમુક જ અપવાદરૂપ હોય છે કે જે પોતાની સ્વતંત્ર બુદ્ધિથી સારૂં-નરસું વિચારી શકે.

ટૂંકમાં સો વાતની એક વાત કે આજના સંજોગોમાં બાળકનું ઘડતર કેમ કરવું એ બહુ વિચાર માંગી લે તેવો પેચીદો સવાલ માતા-પિતા માટે છે. આ માટે માતા-પિતાએ પૂરેપૂરી તૈયારી સાથે સજાગ રહેવું પડશે.

વાનગી વિભાગ

- નીતાબેન ગાંધી (અમદાવાદ)

(૧) મેથીના લાડવા

સામગ્રી : ૧ વાટકી મેથી પાવડર, ૩ વાટકી ઘી, ૩ ચમચી ગુંદર, ૧ વાટકી ઘઉંનો લોટ, ૨ ચમચી ચણાનો લોટ, ૨ ચમચી અડદનો લોટ, ૧ વાટકી સૂકો મેવો (કાજુ, બદામ, પીસ્તા, અખરોટ, ખારેક – ઝીણા સમારી લેવા), ૧ ચમચી સૂંઠ પાવડર, ૧ ચમચી ગંઠોડા પાવડર, ૧ ચમચી ખસખસ, ૩ ચમચી કોપરાની જાડી છીણ, ૧.૫ વાટકી દેશી ગોળ

રીતઃ કડાઈમાં થોડું ઘી ગરમ કરી, ગુંદરને તળીને કાઢી લેવો. ફરી થોડું લઈ ડ્રાયફ્રૂટ શેકી લેવા. કોપરાની છીણ શેકી લેવી. ફરી કડાઈમાં ઘી ગરમ કરી, ગોળ ઓગળે પછી તેમાં લોટ મિક્સ કરી લેવો. ત્યાર બાદ ગંઠોડા પાવડર, સૂંઠ પાવડર, શેકેલુ ડ્રાયફ્રૂટ, મેથી પાવડર, કોપરાની છીણ, ખારેક પાવડર, ગુંદર, ખસખસ બધું મિક્સ કરવું. જરૂર લાગે તો ઘી ગરમ કરી મિક્સ કરવું. થોડું ઠંડુ ઠંડુ થાય પછી લાડવા વાળી લેવા. ખૂબ જ હેલ્થી અને પૌષ્ટિક લાડુ તૈયાર થશે.

(૨) મખાના શીંગપાક

સામગ્રી : ૧૦૦ ગ્રામ મખાના, ૧૦૦ ગ્રામ શીંગદાણા, ૧૫૦ ગ્રામ કોલ્હાપુરી ગોળની છીણ, ૧ વાટકી ઘી

રીત : નોનસ્ટીક કડાઈમાં ધીમા તાપે શીંગ ૫–૭ મિનીટ શેકી લેવી. ઠંડી થાય પછી ફોતરા કાઢી મિક્સરમાં ધીમે ધીમે ફેરવી પાવડર કરી લેવો. મખાનાને પણ ધીમા ગેસ પર શેકી લેવા. ઠંડા થા પછી પાવડર કરી લેવો. નોનસ્ટીક કડાઈમાં ઘી લઈ, ગરમ કરી – ગોળ ગરમ કરવો. લગભગ ૫ મિનીટમાં ગોળ ઓગળીને એકરસ થઈ જાય પછી મખાના પાવડર, શીંગ પાવડર મિક્સ કરી, થોડું ઘી રેડી લચકાદાર મિશ્રણ તૈયાર કરવું.

ચોકી અથવા થાળીમાં ઘી લગાવી મિરણ પાથરવું. હલકા હાથે પ્રેસ કરી ઉપર કાજુના ફાડા લગાવી ચોરસ ટુકડા કરવા.

કેલ્શીયમથી ભરપૂર શક્તિવર્ધક પાક તૈયાર થશે.

(૩) ખારેક પાક

સામગ્રી : ૧૫૦ ગ્રામ ખારેક, ૧ વાટકી ઘી, ૧ ચમચી કોપરાની જાડી છીણ, ૧ ચમચી ગંઠોડા પાવડર, ૧ ચમચી સૂંઠ, ૪ ચમચી કોલ્હાપુરી ગોળ છીણી લેવો, ૩ ચમચી કાજુ–બદામના ટુકડા, ૧ ચમચી ખસખસ

રીત : ખારેક ધોઈ લેવી. ઠળિયા કાઢી નાના–નાના ટુકડા કરી મિક્સરમાં ભૂક્કો કરી લેવો. કાજુ બદામના ઝીણા ટુકડા કરી લેવા. કડાઈમાં ઘી ગરમ કરી ગોળ ઓગાળી લેવો. બરાબર ઓગાળીને થોડા બબલ્સ થાય પછી ડ્રાયફ્રૂટ ખારેકનો ભૂક્કો, સૂંઠ પાવડર, ગંઠોડા પાવડર, કોપરાની છીણ બધું મિક્સ કરી, જરૂર લાગે તો થોડું ઘી રેડી, મિશ્રણ તૈયાર કરવું.

થાળી અથવા ચોકીમાં ઘી લગાવી, મિશ્રણ દબાવીને પાથરી ઉપર ખસખસ છાંટી, તવેતા અથવા વાટકી પ્રેસ કરી તરત જ પીસ કરવા.

શિયાળામાં ઠંડીમાં રોજ એક ટુકડો ખાવાથી કમર–સાંધાના દર્દમાં રાહત રહેશે.

નોંધઃ કોઈપણ સ્વીટમાં ગળપણ આપણા ટેસ્ટ મુજબ લેવું. દળેલી સાર પણ લઈ શકાય. સાથે બે ચમચી મધ એડ કરવું.

(૪) આદુ-આંબળા કેન્ડી

સામગ્રી : ૧૦૦ ગ્રામ આદુ, ૧૫૦ ગ્રામ આંબળા, ૩ ચમચી મિલ્ક પાવડર, ૧ ચમચી તજ–લવીંગ પાવડર, ૧ વાટકી ઘી, ૧ વાટકી ખડી સાકર પીસેલી અથવા ગોળ, ૬ નંગ કેન્ડી સ્ટીક

રીત : આંબળાને તપેલીમાં પાણી ગરમ કરી બાફી લેવા. ઠળિયા કાઢી પલ્પ બનાવી લો. આદુ છીણી મિક્સરમાં પલ્પ બનાવી લો. બંનેને સ્ટીલની ચારણીમાં ગાળી લેવા, જેથી રેસા નીકળી જાય. નોનસ્ટીક કડાઈમાં ઘી મૂકી, આંબળા અને આદુના પલ્પને સાત–આઠ મિનીટ શેકી લેવું. ત્યારબાદ સાકર અથવા ગોળ ઉમેરી બરાબર હલાવી, ઘટ્ટ મિશ્રણ થાય ત્યાં સુધી સતત હલાવવું. મિલ્ક પાવડર નાખી ગોળા વળે તેવું મિશ્રણ થાય ત્યારબાદ તજ, લવીંગ પાવડર નાખી મિશ્રણ ઠંડુ થવા દેવું.

કેન્ડી વાળી વચ્ચે સ્ટીક લગાવી બરોબર પ્રેસ કરો. સ્વાસ્થ્યવર્ધક કેન્ડી તૈયાર થશે.

(૫) ગુંદરની રાબ

સામગ્રી : ૨ ટી.સ્પૂન બાવળીયો ગુંદર, ૨ ટે.સ્પૂન ઘી, ૨ ટે.સ્પૂન ગોળ, ૧ ટે.સ્પૂન કોપરાની જાડી છીણ, ૨ ટે.સ્પૂન કાજુ-બદામની કતરણ, ૧ ટી.સ્પૂન ખસખસ, ૧ ટી.સ્પૂન સૂંઠ પાવડર, ૧ ટી.સ્પૂન ગંઠોડા પાવડર

રીતઃ કડાઈમાં ઘી ગરમ કરી, ગુંદર બરાબર ફૂલે ત્યાં સુધી તળી લેવો. ચમચા વડે ક્રશ કરી લેવો. ૧ ગ્લાસ પાણી નાખી ગરમ થાય પછી ગોળ ઉમેરી ગોળ ઓગળે પછી કોપરાની છીણ, ગંઠોડા પાવડર, સૂંઠ પાવડર, ખસખસ, ડ્રાયફ્રૂટ કતરણ નાખી, થોડી વાર ઉકાળીને ગેસ બંધ કરી, ગરમાગરમ ગુંદરની રાબ સર્વ કરવી.

કોઈપણ પ્રકારના દુઃખાવામાં રાહત મળશે.

આપણા સમાજના ઉત્કર્ષ માટે નવી પહેલ...

- જયેશભાઈ નટવરલાલ શાહ
(કૃષ્ણનગર મંડળ, કારોબારી સભ્ય)
મો.: ૯૪૨૭૫ ૨૭૦૪૩, ૯૭૭૩૨ ૧૨૫૬૪

આપણો દેશ પ્રગતિના સોપાન સર કરી રહ્યો છે. આ વિકાસ અને પ્રગતિની સાથે અન્ય સમાજની સરખામણીએ આપણો સમાજ આર્થિક અને સામાજિક રીતે પાછળ ના રહી જાય તેના માટે કેટલાક આવશ્યક અને જરૂરી સૂચનો વિનમ્રતાપૂર્વક રજૂ કરૂં છું. જેની પ્રસિદ્ધી થવા વિનંતી.

– આપણો સમાજને હવે બિનઅનામત વર્ગમાં સામેલ કરવામાં આવેલ છે. જેથી આર્થિક રીતે નબળા કુટુંબોને ૧૦ ટકા અનામત કેટેગરીનો લાભ મળવાપાત્ર થાય છે. જે પૈકી સ્વરોજગારી માટે લોનસહાય, સરકારી કે અર્ધસરકારી ભરતીમાં ૧૦ ટકા બિનઅનામત માટે તેમજ ઉચ્ચ અભ્યાસ માટે કે વિદેશ અભ્યાસ માટે પણ લોનસહાય ઉપલબ્ધ છે. જેના માટે આવકની મર્યાદા ૪ લાખ થી ૬ લાખ સુધીની છે. તેમજ બિનઅનામત કેટેગરીનું પ્રમાણપત્ર અતિ આવશ્યક છે. આવકનો દાખલો જે તે વિસ્તારની સરકારી ચાવડી ખાતેથી વિનામૂલ્યે ઉપલબ્ધ થાય છે.

– કુટુંબમાં બાળકનો જન્મ થતા નોંધણી સમયે અવશ્ય આપણા પેટાસમાજનો ઉલ્લેખ કરીએ. દા.ત., હિન્દુ મોઢ વાણીયા જે આગળ જતાં બાળકને ખૂબ જ ઉપયોગી સાબિત થશે.

– સમાજના દરેક કુટુંબોએ પોતાના પરિવારના દસ્તાવેજો છેલ્લા અપડેશન સાથે રાખવા. જે ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે.

– સમાજના દરેકે દરેક કુટુંબોને ઉપરોક્ત તમામ માહિતી છેલ્લા અપડેશન સાથે સરળતાથી મળી રહે તે માટે સમાજના ત્રણ થી પાંચ સભ્યોનું એક હેલ્પડેસ્ક બનાવવું ખૂબ જ ઉપયોગી સાબિત થઈ શકે તેમ છે.

– બિનઅનામત વર્ગના લાભો આપણાસમાજના તમામ કુટુંબો કે જેઓ આર્થિક રીતે સદ્ધર નથી તેઓ માટે માર્ગદર્શન કેન્દ્ર ઉપયોગી બની શકે તેમ છે.

– આવકનો અને બિનઅનામત (જાતિ)નો દાખલો મેળવવા આપણે સર્વે જાગૃત બનીએ અને ઓનલાઈન તથા ઓફલાઈન પ્રક્રિયાને છેલ્લા અપડેશન સાથે રાખીએ.

– માન. પ્રમુખશ્રીનો વિચાર એક વ્યક્તિ જે સમૃદ્ધ અને આર્થિક સશક્ત છે તે બીજાને મદદ કરે. બીજો સભ્ય બીજા ત્રણને મદદ કરે આવી ચેનલ આગળ જતા ખૂબ જ મોટી બની સમાજના દરેક કુટુંબની સમસ્યાઓનું નિરાકરણ સરળતાથી થઈ શકે તેમ છે. આ વિચાર ખૂબ જ ઉમદા છે.

– આપણામાં રહેલ હકારાત્મક વિચારોને સમાજના ઉત્કર્ષ અને વિકાસ માટે કરીએ. જેતી જો સમાજ આર્થિક સદ્ધર હશે તો આવરના ભવિષ્યની પેઢીને તેના લાભો પ્રાપ્ત થશે.

આ મારા અંગત વિચારોને સમાજના વિકાસ માટે હું રજૂ કરું છું.

લિ. આપના સમાજનો સભ્ય
(જે. એન. શાહ)

આ અંગેની વિશેષ સમજણ માટે મારો સંપર્ક કરી શકો છો.

શ્રી સૌરાષ્ટ્ર દશા મોઢ માંડલિયા વણિક મહાજન, અમદાવાદ

(ટ્રસ્ટ રજી.નં. ઈ-૮૯૬૫, અમદાવાદ)
કહાન ફ્લેટની બાજુમાં, દોલતખાના, સારંગપુર, અમદાવાદ.

સ્કોલરશીપ માટેની અરજી (ધોરણ ૮ થી ૧૨ માટે)

સંસ્થાનો સભ્યપદ નં. : .... તારીખ : ....

વિદ્યાર્થી/વિદ્યાર્થિનીનું પૂરૂં નામ ....

(અટક) (નામ) (પિતાશ્રીનું નામ) (દાદાનું નામ)

જન્મતારીખ : .... ઉંમર વર્ષ : ....

હાલનું પૂરૂં સરનામું : ....

.... મો.નં.: .... ઈ-મેઈલ: ....

છેલ્લે પાસ કરેલ પરીક્ષાઓ

૧. .... પરિણામ .... %

૨. .... પરિણામ .... %

૩. .... પરિણામ .... %

કયા સ્ટાન્ડર્ડ માટે સ્કોલરશીપ જોઈએ છીએ ? ....

સ્કૂલ / કોલેજનું નામ તથા સરનામું : ....

પરિવારની કુલ સભ્યસંખ્યા : .... પરિવારની કુલ વા.આવક રૂા. .... પરિવારમાં અભ્યાસ કરતા બાળકો: ....

અન્ય સંસ્થા પાસેથી સ્કોલરશીપ મેળવી હોય તો તેની વિગત: ....

(સંસ્થાનું નામ : .... મળેલ સ્કોલરશીપ રૂા. ....)

વાલીની સહી / તારીખ: .... વિદ્યાર્થી / વિદ્યાર્થિનીની સહી / તારીખ ....

ફોર્મ સાથે નીચે મુજબ ડોક્યુમેન્ટ આપવા

(૧) ઓરિજનલ ફીની પહોંચ અને તેની એક ઝેરોક્ષ કોપી (૨) ઓરીજનલ માર્કશીટ અને તેની એક ઝેરોક્ષ કોપી

(બંને ઓરીજનલ ઝેરોક્ષ કોપી સાથે મેળવી પરત આપી દેવામાં આવશે)

નોંધ : ચાલુ શૈક્ષણિક વર્ષ કે ચાલુ ટર્મ માટે જ સ્કોલરશીપ મળશે.

– નાપાસ થયેલ, ફરી વખત પરીક્ષા આપતા કે એટીકેટી આવેલ હોય તે વિદ્યાર્થી–વિદ્યાર્થિનીને સ્કોલરશીપ મળશે નહીં.

– સંસ્થાની કમીટીનો નિર્ણય દરેકને બાધ્ય રહેશે.

– અધુરી માહિતી વાળુ ફોર્મ સ્વીકારવામાં નહીં આવે.

સંસ્થાના સભ્યે ભરવું

હું સ્કોલરશીપની અરજી આપનાર આપણી સંસ્થાના વિદ્યાર્થી / વિદ્યાર્થિનીને તથા તેમના પરિવારને ઓળખું છું અને તેમને સ્કોલરશીપ આપવાની ભલામણ કરૂં છું.

સભ્યનું પૂરૂં નામ .... સભ્યનો સભ્યપદ નં.: ....

સભ્યનો મોબાઈલ નં.: .... સભ્યનું ઇ–મેઈલ આઇ.ડી.: ....

સભ્યની સહી / તારીખ

સંસ્થાના ઉપયોગ માટે

અરજદારનું નામ: ....

અરજી : મંજુર / નામંજુર મંજુર થયેલ સ્કોલરશીપ રૂા. .... મંજુર થયા તારીખ: ....

સંસ્થાની અધિકૃત વ્યક્તિની સહી

શ્રી સૌરાષ્ટ્ર દશા મોઢ માંડલિયા વણિક મહાજન, અમદાવાદ

(ટ્રસ્ટ રજી.નં. ઈ-૮૯૬૫, અમદાવાદ)

કહાન ફ્લેટની બાજુમાં, દોલતખાના, સારંગપુર, અમદાવાદ.

સંસ્થાના સભ્ય થવા માટેનું ફોર્મ

હું આપણી સંસ્થાનો સભ્ય થવા ઈચ્છું છું. સંસ્થાના ધારા-ધોરણ અને નિયમોને આધીન હું સભ્ય થવા અને સંસ્થાના નિયમો પાળવા હું અને મારા પરિવારના સભ્યો અમારી સંમતિ આપીએ છીએ. જરૂરી માહિતી નીચે મુજબ છે.

નામઃ ....

(મુખ્ય વ્યક્તિનું નામ) (પિતા / પતિનું નામ) (દાદા / પતિના પિતાનું નામ) (અટક)

મુળ વતનઃ .... મો.નં.: .... ઈ-મેઈલઃ ....

રહેણાંકનું પૂરૂં સરનામું: ....

....

વ્યવસાય / નોકરીઃ .... ટે.નં.: ....

વ્યવસાયનું સરનામું: ....

....

પરિવારની કુલ સભ્ય સંખ્યાઃ પુરૂષ .... મહિલા .... (૧૮ વર્ષથી નીચેના સંતાનો) ....

અમદાવાદમાં કેટલા સમયથી વસવાટ કરો છો? ....

કોઈ સંસ્થામાં કાર્યકર / હોદ્દેદાર તરીકેનો અનુભવ હોય તો તેની વિગતઃ ....

સંસ્થાના પરીચિત વર્તમાન સભાસદનું નામઃ ....

સભાસદનો સભ્યપદ નં.: .... સભાસદનો મો.નં.: ....

સભાસદનું પૂરૂં સરનામું: ....

સંસ્થાની આજીવન સભ્યપદ ફીના રૂા. ૧૫૦૦/- આ સાથે મોકલેલ છે.

(રોકડા / ચેક / ટ્રાન્સફરની વિગતઃ ....)

નોંધઃ (૧) ફોર્મ સાથે રહેણાંકનું છેલ્લું ઈલેક્ટ્રીક બીલ સામેલ કરવું. (૨) અધૂરી માહિતીવાળું ફોર્મ રદ થશે. (૩) સભ્યપદની અરજી કારોબારીમાં મંજૂર થશે તો જ સભ્યપદ ચાલુ થશે.

તારીખઃ .... અરજદારની સહીઃ ....

સભ્યપદ મંજૂર / નામંજૂર .... તારીખઃ ....

સંસ્થાના પદાધિકારીની સહી

Dentall Icon

SINCE 1986

સૌજન્ય જીવાણી પરિવાર

ડૉ. શુચિ શાહ (જીવાણી) (BDS, MDS)

ડૉ. હિતેન્દ્ર શાહ (BDS, MDS)

35 વર્ષથી અવિરત પ્રેક્ટિસ સાથે

"Cosmocare Dental Clinic"

શિવરંજનીનું નવું નામ અને નવું સ્થળ

"The Dentall Icon"

સેટેલાઈટ, અમદાવાદ

સરનામું :

3, પાયલ પાર્ક સોસાયટી, સ્ટાર બજારની નજીક,
સેટેલાઈટ, અમદાવાદ -15
Contact : +91 95123 40303 | +91 95123 40305
+91 91734 76547

પેહલો માળ, ઝલક કોમ્પ્લેક્ષ, ભટ્ટા,
પાલડી, અમદાવાદ - 7
Contact : +91 63523 15478

દાંતની દરેક સારવાર ઉપર આભાર વ્યક્ત કન્સેશન

ઉપલબ્ધ વિશિષ્ટ સારવારો

- Smile Design
- Veneers
- Implant & Full Mouth Rehabilitation
- Sleep Apnea
- Aligners & Orthodontic Treatment
- Flap Surgery
- Paediatric Dentistry

અન્ય સારવારો

- Root Canal Treatment
- Crown & Bridges
- Oral Prophylaxis, Dental SPA
- Extraction
- Maxillo-Facial Surgery

All treatment is under one roof by a team of specialists under strict sterilization & digital technology.

www.thedentalicon.com | Follow Us:

CELEBRATING 50th GOLDEN JUBILEE YEAR

Since 1969

SHREE GANESH™

૫૦ વર્ષનો અતુટ વિશ્વાસ

આજ કા સ્વાદ કલ કી સુરક્ષા

હિંગ | કાશ્મીરી મરચું | મરચું | હળદર | ધાણાજીરૂ

HARIHAR FOODS PVT. LTD.

(An ISO 22000:2005 Certified Company)

519/1, Phase IV, Ramol Chokdi, G.I.D.C. Vatva, Ahmedabad

www.shreeganeshmasala.com • Like us on f